


## બાયડ તાલુકામાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ, બોરમઠ વારેણા બાયડ તરફ કોઝ વે પર પાણી ફરી વળતા રસ્તો બંધ

ગુજરાતમાં હાલ ચારેબાજુથી મેઘરાજા દે ધનાધન કરી રહ્યા છે. શનિવારે સાંજના સુમારે જિલ્લાના આકાશે કાળા ડિબાંગ વાદળો ધસી આવી ધોધમાર વરસાદ થતા ખેડૂતો અને પ્રજાજનોમાં આનંદ છવાયો હતો. રવિવારે બાયડ પંથકમાં ૧૨ કલાકમાં ૩ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા પ્રજાજનોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. બાયડ તાલુકાના અમોદરા ગામે ભારે વરસાદ થતા ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં પાણી ભરાતા દીવાલ ધરાશાયી થતા ભારે અફડાતફડી મચી હતી. સદનસીબે રવિવારની રજા હોવાથી જાનહાની ટળી હતી. બાયડ પંથકમાં ગત રોજ સાંજના સુમારે કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકતા બોરમઠ-વારેણા બાયડ તરફ કોઝવે પણ પાણી ફરી વળતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. બોરમઠ-શણગાલ વચ્ચેનો પુલ ધોવાયો હતો જીતપુર ગામનો તળાવ ઓવરફ્લો થતા ગામના રામજી મંદિરમાં પાણી ઘુસી જતા પ્રજાજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ધોધમાર વરસાદથી પ્રજાજનોના જીવ પડીકે બંધાયા હતા. નીચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાયા હતા. ૩ ઈંચ વરસાદમાં બાયડ તાલુકાના ૫ થી વધુ ગામડાઓમાં જનજીવન પ્રભાવિત થયું હતું.

# પ્રાંતિજમાં મોડે મોડે પણ મેઘરાજાની પધરામણી

### નગરજનો સહિત ધરતી પુત્રોમાં ખુશી : રેલ્વે અંડર બ્રીજમાં પાણી ભરાયા



સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાત ભરમાં મેઘરાજાનું મોડે મોડે પણ આગમન થતા ધરતી પુત્રો સહિત ગુજરાતભરમાં લોકોમાં ખુશી જોવા મળી રહી છે. અનેક જગ્યાએ વરસાદી પાણી ભરતા સમસ્યાઓ પણ ઉભી થવા પામી છે.

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ મેઘરાજાની મોડેમોડે પણ અસીમ કૃપા જોવા મળી છે. પ્રાંતિજ સહિત તાલુકામાં મોડી સાંજેથી વરસેલો વરસાદ સવાર સુધીમાં સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો અને પ્રાંતિજ સહિત તાલુકામાં ખેતરો સહિત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ રેલ્વે અંડરબ્રીજમાં પાણી ભરાયું હતું જેને લઈને ત્યાંથી રોજીદુ અવરજવર કરતા લોકો તથા વાહનચાલકો સલવાયા હતા અને અન્ય કોઈ માર્ગ કે વિકલ્પ ના હોવાથી ના છુટકે પાણીમાં થઈને પ્રસાર થવાનો વારો આવ્યો હતો. નાના વાહનો બાઈક, એકટીવા, ઓટો રીક્ષા અધવચ્ચે બંધ થતાં વાહનચાલકો સલવાયા હતા. હાલ તો અંડરબ્રીજમાં પાણી ભરતાં નાના વાહન ચાલકો તથા અંડરબ્રીજથી અવરજવર કરતા લોકોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ત્યારે અહીં બાજુમાં સોસાયટીઓ આવેલ છે તો જવાબદાર તંત્ર દ્વારા કાયમી ઉકેલ થાય તેવી પણ હાલ તો માંગ ઉઠવા પામી છે. ત્યારે હાલ તો અહીંથી અવરજવર કરવાનો એકજ માર્ગે હોય અંડરબ્રીજ બનતા લોકોને વરસાદી પાણીને લઈને મુશ્કેલીઓમાં વધારો થયો છે.

## ઈટાડી દૂધ મંડળીના ચેરમેન તરીકે નયનાબેન પટેલની બિનહરીફ વરણી

મોડાસા તાલુકાની ઈટાડી દૂધ ઉત્પાદક મંડળી



સતત ૧૫ વર્ષથી નયનાબેન નવનીતભાઈ પટેલની આગેવાની અને રાહબળી હેઠળ ઉત્તરોત્તર પ્રગતિ કરતા પશુ પાલકો અને દૂધ ઉત્પાદકોએ સતત ૧૬માં વર્ષે ચેરમેન તરીકે નયનાબેન પટેલની બિન હરીફ વરણી કરી હતી. વાઈસ ચેરમેન તરીકે નટવરભાઈ સી. પરમારની વરણી કરાઈ હતી. ઈટાડી દૂધ ઉત્પાદક મંડળીના સભાસદોએ શુભેચ્છા પાઠવી હતી.

# ભિલોડામાં સાર્વત્રિક ધીમીધારે મેઘમહેર

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શ્રાવણ માસના શુભારંભથી ઝરમર-ઝરમર ધીમી ધારે સાર્વત્રીક મેઘ મહેર દરમ્યાન ખેડુતોમાં એકદંરે ખુશીની લહેર પ્રસરી છે. મુરઝાતા ખેતીના વિવિધ પાકોને જીવતદાન મળતા ખેડુતોમાં આંશિક રાહત જોવા મળે છે.ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે વરસાદી માહોલ યથાવત રહેતા આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાતા વાતાવરણમાં મહ્દ અંશે એકદંરે ઠંડક પ્રસરી છે. નદી, નાળા, તળાવો, વાંઘા, કોતરો, જળાશયોમાં વરસાદી પાણીની આવક નોંધપાત્ર જોવા મળી હતી. ખેતરોમાં વરસાદી પાણી ઠેર-ઠેર ભરાયા હતા.હલકી ગુણવત્તાના બનાવેલા વિવિધ માર્ગો સાર્વત્રીક વરસાદ દરમ્યાન તુટતા વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. નીચાણવાળા વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા માખી, મચ્છરોનો ઉપદ્રવ દિન-પ્રતિ-દિન વધતા રોગચાળો ફેલાય તેવી દહેશત સેવાઈ છે. ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા પ્રજાજનો ત્રાહીમામ પરંતુ વહીવટી તંત્રના અધિકારીઓ આળસ ખંખેરવા તૈયાર નથી તેમ લોકમુખે ચર્ચાય છે. ભિલોડાના ગોવિંદનગર વિસ્તારમાં ચામઠા ફળી સહિત આજુ-બાજુના વિસ્તારમાં ઘુંટણસમુ વરસાદી પાણી ભરાયું હતું. ભિલોડા તાલુકામાં આજ દિન સુધીમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.ગત વર્ષની તુલનાએ એકદંરે ઓછો વરસાદ હોવાના કારણે ખેડુતો ચિંતાતુર છે.



## ભિલોડાના ટાકા ટુકા ગામની સીમમાંથી ૯ ફુટ લાંબો અજગર ઝડપાયો

ભિલોડા,તા.૪

અરવલ્લીની ગીરીમાળાઓમાં સીમ વિસ્તારોમાંથી અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહેતા ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તાર પાસે આવેલ ટાકાટુકા ગામના સીમ વિસ્તારમાંથી ૯ ફુટ લાંબો અજગર વન વિભાગના બાહોશ અધિકારીઓ ધ્વારા ઝડપાયો હતો. અજગરને સલામત રીતે ઝડપીને નિર્જન જંગલ વિસ્તારમાં છોડી દેવાયો હતો. ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો. શ્રાવણ માસ દરમ્યાન નહીવત ઝરમરીયા વરસાદના કારણે અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા ગરમીના માહોલ વચ્ચે અબાલ, વૃધ્ધ, પશુ-પંખીઓ, સરીસૃપ પ્રાણીઓ, વન્ય જીવો હેરાન પરેશાન થઈ રહ્યા છે. જમીનની અંદર દર (બખોલ) બનાવી વસવાટ કરતા જીવજંતુઓ અને વન્ય જીવો અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે સીમ વિસ્તારોમાં ફરતા હોવાના કારણે પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.





### જિલ્લા કલેક્ટર ડીસા અને જુનાડીસાની મુલાકાત લીધી

જુનાડીસા ખાતે કોલેજ નું ખાત મુરહત કરવા માટે રાજ્ય ના મુખ્યમંત્રી આવવા ના તેની તમામ તૈયારી પુરજોશ માં ચાલતી હોઈ તેને નિરીક્ષણ બાબતે જિલ્લા કલેકટર સંદીપ સાંગલે એ આજે રીનોવેટેડ થઈ રહેલા ડીસા સ્મશાન અને ત્યારબાદ જુનાડીસા ની મુલાકાત લીધી હતી તેમની સાથે ડીસા ધારાસભ્ય શશીકાંત પંડ્યા પાલિકા પ્રમુખ શિલ્પાબેન માલી સહિત માં રાજકીય આગેવાનો જોડાયા હતા.

# બાયડ પોલીસે શહેરમાંથી ચોરી કરેલ રીક્ષા સાથે વાહનચોરીના ૧૩ ગુન્હામાં સંડોવાયેલ શખ્સને દબોચ્યો

બાયડ, તા. ૪

અરવલ્લી જીલ્લામાં બાઈક ચોરીની ગુન્હાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. બાયડ શહેરમાં મસ્જીદ આગળ મુકેલી રિક્ષાની ૮ દિવસ અગાઉ ચોરી થતા બાયડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. બાયડ પીએસઆઈ કે.કે. રાજપૂતને બાતમીના આધારે માધવ કંપા નજીકથી ચોરી કરેલ રીક્ષા સાથે પસાર થતા ત્રણ શખ્સોને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

ચોરીની રીક્ષા સાથે ઝડપાયેલ બાયડના રડોદારા ગામનો નિરવગીરી ઉર્ફે જીગો સંજયગીરી ગોસ્વામી નામનો શખ્સ અમદાવાદમાં ૧૨ અને નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ૧ વાહનચોરીના ગુન્હામાં સંડોવાયેલો અને જામનગર જેલમાં પાસાની સજા જામનગર હોવાનું પોલીસ તપાસમાં બહાર આવતા વાહનચોરીના રીઢા ગુનેગારને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

બાયડ પોલીસે માધવ કંપા નજીકથી બાયડ મસ્જીદ પાસેથી ચોરી કરેલ સીએનજી રીક્ષા (ગાડી.



નં- જીજે.૩૧.એક્સ.૧૫૧૯) સાથે પસાર થતા મનોજકુમાર કિશોરભાઈ પરમાર (રહે. ડેમાઈ), નિરવગીરી ઉર્ફે જીગો સંજયગીરી ગોસ્વામી (રહે. રડોદારા) અને વિજય બલુભાઈ પરમાર (રહે. દંતાલી, નવા મુવાડા ખેતરમાં, કપડવંજ)ની ધરપકડ કરી હતી. રીક્ષાની ચોરી કરવા માટે બંને શખ્સોને નિરવગીરી ઉર્ફે જીગો સંજયગીરી ગોસ્વામીએ જણાવ્યું હોવાનું કબુલ્યું હતું. નિરવગીરી ઉર્ફે જીગો ગોસ્વામીના રડોદારા ખાતેના ઘરેથી કઠલાલના છીપડી ગામેથી ચોરી કરેલ વધુ એક બાઈક મળી આવતા રિક્ષાની કીં. રૂ. ૭૫૦૦૦ તથા બાઈકની કીં. રૂ.૧૦૦૦૦ મળી કુલ રૂ. ૮૫૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધાનેરા શાહ રામચંદ સ્વરાજ જનરલ હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓના કેસ ફીમાંથી મુકિત

### મેડિકલ દવા અને લેબોરેટરી ચાર્જમાં દસ ટકા ડિસ્કાઉન્ટ રાહત

ધાનેરાની દરેક હોસ્પિટલમાં દર્દીઓને કેસ ફી માં લૂંટ ચાલી રહી છે ધાનેરામાં આવતાં સારવાર માટે ગરીબ દર્દીઓ હોસ્પિટલમાં જાય છે ત્યારે મોટી કેસ ફીસ આપવાની હોય છે અને લેવામાં આવે છે.

જયારે ધાનેરા શહેર માં આવેલી વર્ષો પુરાણી શ્રી ધાનેરા આરોગ્ય સમિતિ ની શાહ રામચંદ સ્વરાજ ભાઈ જનરલ હોસ્પિટલમાં વર્ષોથી સેવાઓ આપી રહી છે અને દર્દીઓ રાહત દરે સારવાર પણ કરાવી રહ્યાં છે આમ વર્ષો જૂની આ શ્રી શાહ રામચંદ સવરાજભાઈ જનરલ હોસ્પિટલમાં એક નવી જ રાહત ચાલુ કરે છે જે દર્દીઓ માટે ફાયદા કારક છે આવનાર દર્દીઓને તારીખ ૦૨/૦૮/૨૦૧૯ થી કેસ ફી માંથી મુક્તિ કરેલ છે આવનાર દર્દીઓ પાસેથી કેસ કાઢી પણ તેની ફીસ લેવામાં આવશે નહીં તેમજ સારવાર માટે આવેલા દર્દીઓને મેડિકલ દવાઓમાં પણ દસ ટકા રાહત આપવાની ચાલું કરેલ છે તેમજ લેબોરેટરી ચાર્જમાં પણ દસ ટકા ડિસ્કાઉન્ટ આપવાનું ચાલુ કરેલ છે એક્સરે પણ વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે આવનાર દર્દી દાખલ થાય તો રૂમનું ભાડું પણ સામાન્ય વ્યાજબી ધોરણે લેવામાં આવે છે તેમજ દર્દીઓની સારવાર પણ સંતોષકારક દવા કરવામાં આવે છે આ હોસ્પિટલમાં ફિઝિશિયન ડોક્ટર શૈલેષભાઈ ચૌધરી તેમજ ડોક્ટર વિમલભાઈ ત્રિવેદી મેડિકલ ઓફિસર જેવો સેવા બજાવી રહ્યા છે આ હોસ્પિટલમાં ડોક્ટર શૈલેષભાઈ ચૌધરી તથા વિમલભાઈ ત્રિવેદી દરેક પ્રકારના ફેફ્સાના રોગના નિષ્ણાત જેવા કે ટીબી ન્યૂમોનિયા ફેફસાની ફરતે પાણી હવા ભરાઈ જવું શર્દી ખાંસી એલર્જી દમ અસ્થમાં ટાઈફોડ મેલેરિયા ડેન્ગ્યુ વાયરલ ફીવર લોહીના રિપોર્ટ વગેરે કરી આપવા અને ઉપરોક્ત દરેક પ્રકારનું નિદાન સારવાર વ્યાજબી ભાવે કરી આપવામાં આવે છે આ સંસ્થાના હાલ શ્રી શૈલેષભાઈ મોરખીયા અને શ્રી રામભાઈ સોની સ્થાનિક સંચાલન કરી રહ્યા છે તો દરેક દર્દીઓએ શ્રી શાહ રામચંદ સ્વરાજ ભાઈ જનરલ હોસ્પિટલના સારવાર માટે રાહત નો લાભ લેવા વિનંતી છે અને દર્દીઓને ચોવીસ કલાક માટે સેવા આપવામાં આવશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## વડગામ તાલુકાના જલોતરામાં વૃક્ષ વાવીને એક વર્ષ સુધી માવજત કરનારનો વેરો માફ કરાશે

### જલોતરા પંચાયત દ્વારા સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

વડગામ તાલુકા જલોતરા ગ્રામ પંચાયત દ્વારા સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બનાસકાંઠા જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન લક્ષ્મીબેન કરેણ, વડગામ મામલતદાર આર.સી. ઠાકોર, વડગામ તાલુકા વિકાસ અધિકારી એ.એચ. પરમાર, તાલુકા પંચાયત સદસ્ય તથા ભાજપ અગ્રણી લક્ષમણભાઈ પ્રજાપતિ, વન વિભાગમાંથી સોનલબેન, જલોતરા ગ્રામજનો તથા આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જલોતરા ગ્રામ દ્વારા નવતર અભિગમ દાખવતા એક વ્યક્તિ દ્વારા ૫ વૃક્ષ વાવી તેનુ એક વર્ષ સુધી જતન કરનારા વ્યક્તિનો વેરો માફ કરવાની પ્રોત્સાહક જાહેરાત કરાઈ હતી. ગ્રામ પંચાયત દ્વારા સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમ થકી ૧૨૦ જેટલા વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જલોતરા ગ્રામ પંચાયત સરપંચ મંજુલાબેન માંગજીભાઈ ભીલ, તલાટી પિન્કીબેન મોર, ડે. સરપંચ મહેશભાઈ, સા.ન્યાય સમિતિ ચેરમેન આર.કે. મકવાણા તથા સદસ્યો હાજર રહ્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# પેપોળ નદીમાંથી રેતી ભરીને જતું ટ્રેક્ટર ખાણ ખનીજના હાથે ઝડપાયું

વડગામ, તા. ૪

વડગામ તાલુકાના પેપોળ ગામ નજીક આવેલી સરસ્વતી નદીમાંથી રોજ ટ્રેક્ટર ચાલકો દ્વારા રેતી ભરીને લઈ જઈને રોયલ્ટી ચોરી કરાતી રહી છે. વડગામ તેમજ પાલનપુર સુધી ટ્રેક્ટરો ભરીને રેતી લઈ જવાઈ રહી છે અને રોજના ટ્રેક્ટર ચાલકો દ્વારા ધિકતો ધંધો કરી દેવાયો છે.

ત્યારે ક્યારેક ખાણ ખનીજના સત્તાધીશો દ્વારા રેડના નામે નાટક ભજવીને એક બે ટ્રેક્ટર ઝડપીને સંતોષ માની લેવાય છે પરંતુ સરસ્વતી નદીમાંથી રોજની હજારો ટન રેતીની ચોરી થતી હોવા છતાં કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી પેપોળ, સલેમકોટ, સિસરાણા, મોરીયા સહીતના ગામડાઓમાંથી મોટાપાયે રેતીની ચોરી કરવાનું મોકળું મેદાન ટ્રેક્ટરોના ચાલકો માટે બની રહ્યું છે. કોન્ટ્રાકટરો અને બિલ્ડરોને આ સરસ્વતી નદીમાંથી નદીકોઠા વિસ્તારના ટ્રેક્ટરોના ચાલકો દ્વારા મોટાપાયે રેતી ઉલેચીને પુરી પડાય રહી છે ત્યારે એકલ દોકલ ટ્રેક્ટર પકડીને માત્ર નજીવા દંડ કરીને સંતોષ માની લેવાય છે.